Gujarati

# જો તમારા હાઉસિંગ બેનિફિટ અથવા કાઉન્સિલ ટેક્સ બેનિફિટ વિશેનો નિર્ણય ખોટો હોવાનું તમને લાગતું હોય તો શું કરવું

**(What to do if you think the decision about your Housing Benefit or Council Tax Benefit is wrong)**

જો તમારા હાઉસિંગ બેનિફિટ અને/અથવા કાઉન્સિલ ટેક્સ બેનિફિટ વિશેનો નિર્ણય ખોટો હોવાનું તમને લાગતું હોય તો શું કરવું તે આ પત્રિકા તમને સમજાવે છે. આ નિયમો રાષ્ટ્રિય છે અને તમે ગમે તે વિસ્તારમાં રહેતાં હો તે સરખા જ હોય છે. તમે રહો છો તે વિસ્તાર કઈ કાઉન્સિલમાં આવે છે તેની તમને ખબર ન હોય, તો તે તમે તમારા કાઉન્સિલ ટેક્સના બિલ પરથી જાણી શકશો.

## પરિચય

તમે જ્યારે હાઉસિંગ અને/અથવા કાઉન્સિલ ટેક્સ બેનિફિટ માટે અરજી કરશો ત્યારે, તમારા ક્લેઈમ વિશેનો નિર્ણય તમને લેખિત મળશે. જો તમે તેની સાથે સહમત ન થાવ, તો તેના પર ફરીથી વિચારણા કરવા માટેની માગણી તમે કરી શકો છો.

આ તમે જુદી જુદી રીતે કરી શકો છો. તમે તમારી સ્થાનિક કાઉન્સિલના બેનિફિટ્સ સેક્શનનો સંપર્ક કરીનેઃ

- તે નિર્ણય વિશે ખુલાસો માગી શકો છો
- તે નિર્ણય ઉપર ફરીથી વિચારણા કરવા માટે તેમને કહી શકો છો
- તે નિર્ણય વિરુદ્ધ અપીલ કરી શકો છો.

આમાંથી કોઈ પણ બાબતની વિનંતી કરવા માટે, તે નિર્ણયની અસર પામેલી વ્યક્તિ તમે પોતે હોવાં જરૂરી છે.

## અસર પામેલી વ્યક્તિ કોણ છે?

અસર પામેલી વ્યક્તિ આ છેઃ

- ક્લેઈમ (દાવો) કરનાર
- ક્લેઈમ કરનાર વતી કારભાર કરનારી કોઈ વ્યક્તિ જેને કોર્ટ દ્વારા નીમવામાં આવેલી હોય
- ક્લેઈમ કરનાર વતી કારભાર કરવા નીમવા માટે કાઉન્સિલે મંજૂરી આપેલી હોય તેવી કોઈ વ્યક્તિ
- મકાનમાલિક - પણ બેનિફિટની ચૂકવણીઓ જેમને કરવાની હોય ફક્ત તેને જ લગતી બાબતોમાં
- એજન્ટ - પણ બેનિફિટની ચૂકવણીઓ જેમને કરવાની હોય ફક્ત તેને જ લગતી બાબતોમાં
- જે કોઈ વ્યક્તિ પાસેથી તેમને વધારે ચૂકવાઈ ગયેલા પૈસા પાછા મેળવવાના હોવાનું નિશ્ચિત કરવામાં આવેલું હોય તે વ્યક્તિ.

એટલે કે ક્લેઈમ કરનાર વ્યક્તિ કેટલો બેનિફિટ મેળવવા માટે હકદાર છે તેની ગણતરીને લગતો નિર્ણય ફરીથી વિચારવા માટે ફક્ત ક્લેઈમ કરનાર વ્યક્તિ જ કાઉન્સિલને કહી શકે છે. મકાનમાલિક અથવા એજન્ટ કાઉન્સિલને ફક્ત પૈસા મકાનમાલિકને ચૂકવવામાં આવવા જોઈએ કે નહિ અને વધારે પડતા ચૂકવાઈ ગયેલા પૈસા મકાનમાલિક કે એજન્ટ પાસેથી પાછા મેળવવા માટેનો નિર્ણય સારી રીતે કરવામાં આવ્યો છે કે નહિ તે વિશેનો નિર્ણય જ ફરીથી વિચારવાનું કહી શકે છે.

### અગત્યની નોંધ

બેનિફિટની કેટલી રકમ ચૂકવવામાં આવશે તે બાબત કાઉન્સિલ અને ક્લેઈમ કરનાર વ્યક્તિ વચ્ચેની હોય છે. બેનિફિટની કેટલી રકમ ચૂકવવામાં આવે તેની ફેરવિચારણા કરવાનું ફક્ત ભાડૂત જ કાઉન્સિલને કહી શકે છે. જો કાઉન્સિલ ભાડૂતના જૂના સરનામા માટે વધારે પડતા ચૂકવાઈ ગયેલા પૈસા પાછા મેળવવા માટે ભાડૂતનો હાલનો બેનિફિટ ઘટાડી દે, તો હાલના મકાનમાલિક તે વધારાના પૈસા પાછા મેળવવા માટેના નિર્ણય સામે અપીલ કરી શકે નહિ.

## મકાનમાલિકો અને અપીલો

જો મકાનમાલિકો તેમનાં ભાડૂતો માટેના હાઉસિંગ બેનિફિટ વિશેના નિર્ણય સાથે સહમત ન થતાં હોય તો તેની વિરુદ્ધ અપીલ કરવાના તેમને અમુક જ મર્યાદિત હકો મળે છે.

- જો તમારો બેનિફિટ સીધો જ મકાનમાલિકને ચૂકવવામાં નહિ આવે એવો નિર્ણય અમે કર્યો હોય તો તમારા મકાનમાલિકો અપીલ કરી શકે છે
- જો અમે તમને બહુ વધારે પડતો બેનિફિટ ચૂકવી દીધો હોય ત્યારે તે પૈસા પાછા કાઉન્સિલને ચૂકવી દેવાનું તમારા મકાનમાલિકને કહેવામાં આવે તો તમારા મકાનમાલિક તેની સામે અપીલ કરી શકે છે
- અમે તમને કેટલો બેનિફિટ આપીએ તેની સામે તમારા મકાનમાલિક અપીલ કરી શકે નહિ.

## લોકલ હાઉસિંગ અલાવન્સ શું છે?

લોકલ હાઉસિંગ અલાવન્સ (એલ.એચ.એ.) તમને વધુમાં વધુ કેટલો હાઉસિંગ બેનિફિટ મળી શકે તેની ગણતરી કરવાની એક નવી પદ્ધતિ છે. તમને કેટલી રકમ મળી શકે તેનો આધાર હજુ પણ તમારી આવક અને બચત પર જ રહેશે. તમને વધુમાં વધુ કેટલો હાઉસિંગ બેનિફિટ મળી શકે તેની અમે જે રીતે ગણતરી કરીએ છીએ તે પદ્ધતિમાં જ ફક્ત ફેરફાર થયો છે. એલ.એચ.એ.નાં પ્રમાણ અમે અમારી વેબસાઈટ પરથી પ્રકાશિત કરીશું.

## લોકલ હાઉસિંગ અલાવન્સના પ્રમાણ સાથે હું સહમત ન હોઉં તો મારે શું કરવું જોઈએ?

તમે લોકલ હાઉસિંગ અલાવન્સ (એલ.એચ.એ.)ના પ્રમાણ સામે અથવા તે જે બ્રોડ રેન્ટલ માર્કેટ એરિયા (બી.આર.એમ.એ.) પર આધારિત હોય તેની સામે અપીલ કરી શકો નહિ. એલ.એચ.એ.ની અસર બધાંને થતી નથી. વધારે માહિતી માટે પત્રિકા 'લોકલ હાઉસિંગ અલાવન્સ વિશેની માર્ગદર્શિકા' જુઓ.

જો તમે તમારી ટેનન્સીના ભાગ તરીકે રાંધેલો ખોરાક પૂરો પાડતાં હો, તો તમે ફેરચૂકાદા માટેની માગણી કરી શકો છો. રેન્ટ સર્વિસ આ ચૂકાદો કરતી વખતે તમારી આવકને ધ્યાનમાં લેતી નથી, આથી ફેરચૂકાદાની માગણી કરવા માટેનું તમારું કારણ તમારી આવક ન હોવું જોઈએ. જુદા રેન્ટ સર્વિસ વિભાગના એક અધિકારી અસલ મૂલ્યાંકન જોશે અને પોતાનો નિર્ણય તમને લખીને જણાવશે.

## તમે કયા નિર્ણય સામે અપીલ ન કરી શકો

જે કોઈ પણ નિર્ણય ખોટો હોવાનું તમને લાગતું હોય તે ફરીથી જોવા માટે તમે માગણી કરી શકો છો. પરંતુ એવા કેટલાક નિર્ણયો છે જેમની સામે તમે ટ્રાઈબ્યુનલમાં અપીલ કરી શકતાં નથી, દાખલા તરીકે નીચેના નિર્ણયોઃ

- તમારે કઈ માહિતી અને પુરાવા આપવાની જરૂર છે
- નિર્ણય બદલવા માટે કરવામાં આવેલી મોડી વિનંતી સ્વીકારવામાં ન આવવી
- કોઈ ફેરફાર વિશે તમે કાઉન્સિલને મોડી જાણ કરી હોય તો પૈસા પાછા ન ચૂકવવા
- તમને ચેકથી પૈસા ચૂકવવા અથવા કેટલીવાર તમને પૈસા ચૂકવવા
- વધારે પડતા ચૂકવાઈ ગયેલા પૈસા પાછા મેળવવાનો હક હોય તો તે પૈસા પાછા વસૂલી શકાય છે
- વધારે પડતા ચૂકવાઈ ગયેલા પૈસા પાછા કેવી રીતે વસૂલવામાં આવે તે વિશે
- 'ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટ્સ' વિશે

## કારણોનું નિવેદન (સ્ટેટમેન્ટ ઓફ રીઝન્સ)

અસર પામેલી વ્યક્તિ કાઉન્સિલ પાસે કારણોનું નિવેદન - સ્ટેટમેન્ટ ઓફ રીઝન્સ લેખિતમાં આપવાની માગણી કરી શકે છે. સ્ટેટમેન્ટ ઓફ રીઝન્સથી અપીલ કરવાના તમારા હકને અસર થતી નથી. આ સ્ટેટમેન્ટમાં સમજાવેલું હશે કે કાઉન્સિલ તે નિર્ણય પર કેવી રીતે પહોંચી હતી. આ સ્ટેટમેન્ટ આપવા માટે કાઉન્સિલને જેટલો સમય લાગશે તેના લીધે નિર્ણયની ફેરવિચારણા કરવા માટેની અથવા ટ્રાઈબ્યુનલ સર્વિસને અપીલ કરવા માટેની સમયમર્યાદા લંબાવી શકાશે.

## જો હું નિર્ણયની ફેરવિચારણા કરાવવા માગતો/માગતી હોઉં તો મારે શું કરવું જોઈએ?

નિર્ણયની જાણ કરતા પત્ર પર લખેલી તારીખના **એક મહિનાની** અંદર તમારે તમારી સ્થાનિક કાઉન્સિલના બેનિફિટ્સ સેક્શનને લખવું જ જોઈએ. જો એવા કોઈ ખાસ સંજોગો હોય જેના લીધે તમે તે એક મહિનાની અંદર કાઉન્સિલને પત્ર ન લખી શકો, તો પણ તમારે તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરીને તે સમજાવવું જ જોઈએ, કારણ કે તેઓ કદાચ હજુ પણ તે નિર્ણયની ફેરવિચારણા કરી શકે તેમ હોય.

## નિર્ણયની જ્યારે ફેરવિચારણા કરવામાં આવે છે ત્યારે શું થાય છે?

અસલ નિર્ણય કર્યો હોય તેના કરતાં બીજા જુદા ઓફિસર દ્વારા તે નિર્ણય જોવામાં આવે છે કે તે સાચો છે કે નહિ.

### જો નિર્ણય બદલી શકાય તેમ હોય તોઃ

- જો નિર્ણય બદલી શકાય તેમ હશે, તો અસલ નિર્ણય લેવામાં આવ્યો હોય તે તારીખથી તેમાં સુધારો કરવામાં આવશે.
- નવો નિર્ણય સમજાવતો પત્ર તમને મોકલવામાં આવશે.

**જો નિર્ણય બદલી શકાય તેમ નહિ હોય તોઃ**

- જો નિર્ણયની ફરીથી વિચારણા કરવામાં આવ્યા બાદ, તે બદલી શકાય તેમ નહિ હોય, તો તેનું કારણ સમજાવતો પત્ર તમને મોકલવામાં આવશે.
- તે પછી ટ્રાઈબ્યુનલ સર્વિસ સમક્ષ અપીલ કરવા માટે તમારી પાસે **વધારાનો એક મહિનો** હશે.

## હું નિર્ણય વિરુદ્ધ અપીલ કરવા માગું છું. મારે શું કરવું જોઈએ?

તમારે પત્ર લખીને અથવા તો અપીલ માટેનું ફોર્મ ભરીને લેખિત અપીલ જ કરવી જોઈએ, તે ફોર્મ તમને તમારી સ્થાનિક કાઉન્સિલના બેનિફિટ્સ સેક્શનમાંથી મળી શકશે. તમારા નિર્ણયની જાણ કરતા પત્ર ઉપર જણાવેલી ઓફિસના સરનામે તે પત્ર ઉપરની તારીખના **એક કેલેન્ડર મહિનાની** અદર તમારી અપીલ મોકલવામાં આવવી જરૂરી છે.

ટ્રાઈબ્યુનલ સર્વિસ ટ્રાઈબ્યુનલની સુનાવણીમાં તમારી અપીલ વિશે નિર્ણય લેશે. ટ્રાઈબ્યુનલની સુનાવણી એવાં લોકો દ્વારા કરવામાં આવે છે જેઓ કાઉન્સિલ માટે કામ કરતાં હોતાં નથી.

અપીલ કરવા માટેનાં તમારાં કારણો તમે જણાવો તે અગત્યનું છે કારણ કે તમારા પત્ર અથવા અપીલ ફોર્મમાં તમે જે બાબતનો ઉલ્લેખ નહિ કર્યો હોય તે બાબતને ટ્રાઈબ્યુનલ જોશે નહિ. તમે જે નિર્ણય વિરુદ્ધ અપીલ કરી રહ્યાં હો તે નિર્ણય લેવામાં આવ્યો હોય તે સમયના પુરાવા, કાયદો અને સંજોગોને જ ટ્રાઈબ્યુનલ ધ્યાનમાં લઈ શકે છે.

યાદ રાખો, જો અપીલ ટ્રાઈબ્યુનલને લાગશે કે તમને બહુ વધારે પડતા પૈસા મળી રહ્યા છે તો તમારો બેનિફિટ ઘટાડી દેવામાં આવશે.

## વધારે માહિતી

અપીલો અને ટ્રાઈબ્યુનલ સર્વિસ વિશે વધારે માહિતી માટે, કૃપા કરીને અમારી આ વેબસાઈટ જુઓ www.benefit-leaflets.org જેના પરથી તમને ટ્રાઈબ્યુનલ સર્વિસનાં પ્રકાશનો માટેની સીધી લિન્ક મળી રહેશે.

## મને વધારે સલાહ ક્યાંથી મળી શકે?

જો તમને વધારે મદદ કે સલાહ જોઈતાં હોય, તો તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો. (તેમના સંપર્કની વિગતો તમને તમારા કાઉન્સિલ ટેક્સ બિલ પરથી મળી શકશે.)

### સ્વતંત્ર સલાહ

જો તમને સ્વતંત્ર સલાહની જરૂર હોય, તો તમારા સ્થાનિક સિટિઝન્સ એડવાઈઝ બ્યૂરોનો સંપર્ક કરો. તેમનો ફોન નંબર અને બીજી સ્થાનિક સલાહ સંસ્થાઓની વિગતો તમને ફોન બુક અને તમારી સ્થાનિક લાઈબ્રેરીમાંથી મળી શકશે.

## અન્ય સ્વરૂપો

આ પુસ્તિકામાં આપવામાં આવેલી માહિતી તમને મોટા અક્ષરોમાં છાપેલી, બ્રેઈલ (અંધલિપિ)માં, ઓડિયો સ્વરૂપે અને બીજી ભાષાઓમાં મળી શકશે. વધારે માહિતી માટે અમારી વેબસાઈટ www.benefit-leaflets.org જુઓ.